# પ્રમુખશ્રીનું નિવેદન

**પ્રાસ્તાવિક :**

શ્રી બત્રીસી જૈન સમાજનું વસ્તી ગણતરીનું પુસ્તક સમાજ સામે મૂકતાં અમો હર્ષ અને આનંદની લાગણી અનુભવીએ છીએ. વિશાળ સમાજની માહિતી એકઠી કરતાં, તેને વ્યવસ્થિત ગોઠવીને છપાવવામાં સમય લાગે તે સ્વાભાવિક છે. અનેક મુશ્કેલીઓ વચ્ચે આપ સૌના સહકાર અને હુંફથી અમો આ કાર્ય પુરું કરી શક્યા છીએ... આપ સૌએ આપેલો સહકાર અને મારા સાથીદારોનો અકલ્પિત ઉમંગ માટે.... તેમજ નામિ-અનામિ સર્વેએ આ પુસ્તક તૈયાર કરવામાં જે સાથ અને સહકાર આપ્યો છે... તે સૌને સંસ્થા વતી અને મારા વતી અંતઃકરણ પૂર્વકના અભિનંદન પાઠવું છું... આજે આ ગ્રંથનું વિમોચન થઈ રહ્યું છે.... ત્યારે અમોને શ્રધ્ધા છે કે આ ગ્રંથ આપણા અને આપણા જેવા બીજા સમાજોને ઘણો ઉપયોગી નિવડશે.

**પરિવર્તન યુગ :**

સંવત ૨૦૧૪... એટલે કે સને ૧૯૫૪માં આવું પુસ્તક બહાર પડેલ. આજે સંવત ૨૦૫૪ અથવા સને ૧૯૯૮માં આવું બીજું પુસ્તક બહાર પડ્યું છે. આ ચાલીસ વર્ષના ગાળામાં સમાજમાં ઘણું પરિવર્તન આવ્યું છે. આપણી વિચાર-સરણી, રહેણી-કરણી, વિચારોમાં જૂના સમીકરણો મૂકીને નવાં ઊભાં કરવાયાં, મોજ શોખીલું જીવન જીવવામાં પહેરવેશમાં ઘણું પરિવર્તન જોવા મળે છે. ધીરે ધીરે મુક્તજીવનની તરફેણમાં... આવી અનેક બાબતોમાં પશ્ચિમના પવનની સાથે દોડી રહ્યા છીએ. આપણે સારૂં શું અને ખોટું શું ? એ વિચારી શકતા નથી... વહેતા વહેણની દિશામાં આપણે ખેંચાઈ રહ્યા છીએ... આ બધું હોવા છતાં...આપણે આપણી સંસ્કૃતિ અને આપણા સમાજને ભૂલ્યા નથી... એ આનંદની વાત છે.

**કેળવણી ક્ષેત્ર :**

આપ સૌ જાણો છો કે આપણી સંસ્થા મુખ્યત્વે કેળવણી સંસ્થા છે.. આપણા સમાજના અભ્યાસ કરતા બાળકોને વધુમાં વધુ સહાયરૂપ થવું એ આપણું લક્ષ છે. તેઓ સાધનોના અભાવે ઉચ્ચ કેળવણીથી વંછિત ન રહે તેવી જોવાની આપણી પવિત્ર ફરજ છે. વસ્તી ગણતરીની પુસ્તકમાંથી મળતી માહિતી મુજબ સમાજમાં કેળવણીનું પ્રમાણ વધ્યું છે. ગ્રેજ્યુએટ, પોસ્ટ ગ્રેજ્યુએટ, એમ.બી.એ., સી.એ., એન્જીનીયર્સ, ડોક્ટર, વગેરેની સંખ્યામાં વધારો થયો છે. બહેનોમાં પણ સારા પ્રમાણમાં કેળવણીનું પ્રમાણ વધ્યું છે. ઉચ્ચ અને અદ્યતન ટેકનોલોજીની કેળવણી પ્રાપ્ત કરવી તે આજના સમયની જરૂરિયાત છે. કોમ્પ્યુટર, ઈન્ટરનેટ અને Information Technology ના યુગમાં આપણા બાળકોને તૈયાર કરવા જોઈએ. તેઓ એકવીસમી સદીનો પડકાર ઝીલી શકે તે માટે આપણે તેમના માટે સુવિધાઓ પૂરી પાડવી જોઈએ.

આપણે પ્રગતિશીલ અને બુધ્ધિશાળી સમાજના માનવીઓ છીએ. હોશિયાર અને બત્રીસ લક્ષણા બાળકો આપણા સમાજમાં છૂપાં રત્નો છે... તેઓ આવી આધુનિક અને અદ્યતન કેળવણી મેળવી શકે, તેમને પ્રોત્સાહિત કરવા આપણે "કાંઈક રચનાત્મક આયોજન" વિચારવું જોઈએ. અત્યારે આપણે ફીની વહેંચણી કરીએ છીએ રાહતદરે નોટબુકો આપીએ છીએ દર વર્ષે લગભગ રૂપિયા છ લાખ ફી અને ઈનામો - સ્કોલરશીપ વગેરે સ્વરૂપે આપીએ છીએ... અત્યારે ૧૨૦૦ જેટલા વિદ્યાર્થીઓ લાભ લે છે.. આ સંખ્યા વધીને ૧૫૦૦ થશે..

બહેનોમાં કેળવણીનું પ્રમાણ વધ્યું છે. પરંતુ તેઓએ પણ આધુનિક કેળવણી - કોમ્પ્યુટર, ટેકનોલોજી બદલાતી ફેશનો સાથે વસ્ત્ર પરિધાન.... માર્કેટીંગમાં ઝુકાવવું જોઈએ.. આ માટે કેળવણી અને તાલીમ લેવી પડશે. વધતી જતી મોંઘવારીને પહોંચી વળવા અને પ્રમાણસર જીવન જીવવા બન્નેએ કમાવું પડશે.. બહેનો સારી, સંસ્કારિક અને ઉચ્ચ કેળવણી પામશે તો તેમના સંતાનોને સારી રીતે તૈયાર કરી શકાશે.

**સમૃધ્ધિ અને સંઘર્ષમય જીવન :**

જાણીને આનંદ થાય છે કે ચાલીસ વર્ષના ગાળામાં આપણા સમાજના ઘણા કુટુંબોની સમૃધ્ધિ વધી છે. જુદા જુદા વ્યવસાયમાં, ધંધામાં ઉદ્યોગોમાં પ્રગતિ કરીને આગળ આવ્યા છે... સાથે સાથે તેમની ભાવનામાં ઉદાર વૃત્તિના દર્શન થાય છે. પોતાના સમાજ માટે કાંઈક કરવાની-આપવાની ઉચ્ચ ભાવના જાગી છે.

શ્રી બત્રીસી જૈન કો.ઓપ. એજ્યુકેશન સોસાયટી લી. માંથી સમગ્ર માનવસેવાની ઉચ્ચ ભાવનાથી પ્રેરાઈને આપણે 'આનંદ કલ્યાણ નિધિ ટ્રસ્ટ' ઉભું કર્યું છે આજે તે ઘણા કુટુંબોને સહાયરૂપ થઈ રહ્યું છે. હમણાંજ આ ટ્રસ્ટના એક નાનકડા સમારંભમાં આપણા સમાજનાં ભાઈઓએ છત્રીસ લાખ રૂપિયા.... મેડીકલ રીલીફ ફંડમાં સ્વેચ્છાએ દાન આપવાની જાહેરાત કરી છે. આવી સુંદર ભાવનાને સમગ્ર સમાજ તરફથી બિરદાવું છું. અને અંતઃકરણ પૂર્વક ધન્યવાદ આપું છું..

પરંતુ સાથે સાથે વધતી જતી અસહ્ય મોંઘવારીને કારણે આપણા સમાજમાં મધ્યમવર્ગના કુટુંબોનું જીવન કઠીન બનતું જાય છે. સમૃધ્ધિ ધરાવનાર વર્ગ માત્ર ૧૦% જેટલો છે. ૩૦% વર્ગ Higher Middle Class છે. અને ૬૦% વર્ગ મધ્યમવર્ગનો રહેલો છે. તેમાં પણ ૫૦૦ જેટલા કુટુંબો ઘણી મુશ્કેલીથી બન્ને પાસાં સરખાં કરતા હશે. તેઓ સંઘર્ષમય જીવન જીવી રહ્યા છે.

આપણે આ માટે સહાયરૂપ કાંઈક વિચારવું જોઈએ. રાહત દરે તેમને જીવનની જરૂરિયાતની વસ્તુઓ પુરી પાડવી જોઈએ. રાહત દરે આવા કુટુંબોને મેડીકલ ટ્રીટમેન્ટ મળી શકે... તેવું આયોજન કરવું જોઈએ. સમૃધ્ધિ ધરાવતા ભાઈઓએ પોતાના સમાજ માટે આવા કોઈપણ આયોજનમાં પોતાનું યોગદાન આપવું જોઈએ. મને આશા છે કે ઉદાર મનોબળ ધરાવતા આપણા બંધુઓ વિચારશે અને પોતાનો ફાળો આપવામાં પાછી પાની નહીં કરે.

**તિર્થ સ્વરૂપ આપણા વડીલો :**

વસ્તી ગણતરીના પુસ્તકમાંથી મળેલ માહિતી પ્રમાણે આપણા સમાજમાં આશરે ૭૫૦ જેટલા માતા-પિતા સમાન ૬૫ વર્ષ પૂરા કરેલા, વડીલો છે. તેમનું જીવન ધર્મમય, આનંદિત અને તંદુરસ્ત રહે તેવી આપણી પ્રાર્થના છે. આપણે બહુ જ સન્માનપૂર્વક તેમનો આદર કરવો જોઈએ. એટલું જ નહીં પણ આમાંથી ખાસ જરૂરિયાતવાળા વડીલોને Free Medical Treatment પૂરી પાડવી જોઈએ.... યુવા પેઢીને પણ ખ્યાલ આવે કે પૂજ્ય વૃધ્ધ માતા-પિતા જ તેમના માટે આશીર્વાદરૂપ છે... જેટલું તેમનું જીવન આનંદમાં જશે, તેટલા તેમના આશીર્વાદ આપને આપની પ્રગતિમાં સહાયરૂપ થશે.